**તાત્કાલિક (સમયમર્યાદા)**

ક્રમાંક: ક-૧/માધ્ય/વશી-૪૦૦/માહિતી/૨૦૨૦/ ૧૫૫૨૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બહુમાળી ભવન, બ્લોક નં.૪, ત્રીજો માળ,
મહેસાણા, જિલ્લો.મહેસાણા
તારીખ : ૧૯/૦૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્ય.અને ઉ.માધ્ય.શાળાઓ (તમામ)
મહેસાણા, જિલ્લો.મહેસાણા

**વિષય :- ફરજ મોકુફી અથવા નિર્દોષ છુટવાના કેસમાં સમયગાળો વિનિયમિત કરવા બાબત....**

**સંદર્ભ :- મદદ.શિ.નિયા.શ્રી(માધ્ય.), કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૦૫/૦૮/૨૦૨૦ના પત્રાંક : ઘ/માધ્ય/વ-૨/૧૪૦૯૨-૧૪૧૧૩**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી જણાવ્યાનુસાર બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ લાગુ પડે છે. આ નિયમોમાં ફરજ મોકુફી અથવા નિર્દોષ છુટવાના કેસમાં ગેરહાજરીનો સમયગાળો કયા પ્રકારે વિનિયમિત કરવો તે બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. જે બાબતે આ સાથે સામેલ સંદર્ભદર્શિતપત્રમાં જણાવ્યા મુજબની માહિતી તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજ અત્રેની કચેરીએ મળી રહે તે રીતે સત્વરે બિનચુક મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
મહેસાણા, જિલ્લો.મહેસાણા

**બિડાણ** :- સંદર્ભદર્શિત પત્ર

ક્રમાંક: ધ/માધ્ય//વ-૨/ ૧૪૦૮૨ - ૧૪૧૧

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક-૯/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તા. ૫/૦૮/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
આણંદ, અરવલ્લી, ભાવનગર, છોટા ઉદેપુર, દાહોદ, દ્વારકા,
ગાંધીનગર, ગીરસોમનાથ, ખેડા, મહેસાણા, મોરબી, નર્મદા
નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા,
સુરત, સુરેન્દ્રનગર, વડોદરા, વલસાડ

જિલ્લા શિક્ષણ સમિતિ
જિ. પં. મહેસાણા
આવક નંબર
17 AUG 2020
હેડ ક્લાર્ક
જિ.પ્રા.શિ.સમિતિ

વિષય: ફરજ મોકુફી અથવા નિર્દોષ છુટવાના કેસમાં સમયગાળો વિનિયમિત કરવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક: બમશ/૧૩૧૭/૪૧૧/ગ, તા. ૨૨/૧/૨૦૨૦
(૨) આ કચેરીનો પત્ર ક્રમાંક: ધ/માધ્ય//વ-૨/૨૯૮૪-૩૦૧૭, તા. ૭/૨/૨૦૨૦
(૩) આ કચેરીનો પત્ર ક્રમાંક: ધ/માધ્ય//વ-૨/૧૦૮૭૧-૧૦૯૦૨, તા. ૧૯/૬/૨૦૨૦

ઉપરોક્ત વિષય પરત્વે જણાવાનુ કે શિક્ષણ વિભાગના સંદર્ભિત પત્ર-૧ અન્વયે આ કચેરીના સંદર્ભિત પત્ર-૨ અને ૩થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ લાગુ પડે છે. આ નિયમોમાં ફરજ મોકુફી અથવા નિર્દોષ છુટવાના કેસમાં ગેરહાજરીનો સમયગાળો કયા પ્રકારે વિનિયમિત કરવો તે બાબતે કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. આ વિગત ધ્યાને લેતા નીચે મુજબની માહિતી મોકલી આપવા જણાવેલ પરંતુ આજ દિન સુધી મળેલ નથી. તો સત્વરે મોકલી આપવા વિનંતી.

(૧) રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના કિસ્સાઓમાં નામ. કોર્ટના હુકમ અન્વયે નિર્દોષ સાબિત થઇને પુન: સ્થાપિત થયેલ કર્મચારીની ફરજ મોકુફીના સમયગાળાને વિનિયમિત કરવા બાબતે પૂર્વ દ્રષ્ટાંત હોય તો તેની વિગત.

(૨) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં જે બાબતો અંગે કોઇ જોગવાઇ થયેલ નથી. તેવી બાબતો કે જેવી કે કર્મચારીની લાંબા સમયની અનધિકૃત ગેરહાજરી/રજા, સ્વૈચ્છિક નિવૃતિ અંગે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨નો આધાર લઇને નિર્ણય કરવામ આવેલ છે કે કેમ? આ બાબતે કોઇ ઠરાવ/પરિપત્ર/જાહેરનામા દ્વારા જોગવાઇ કરવામાં આવેલ હોય તો તેની વિગતો.

(૩) બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના કિસ્સામાં ઉપર ઉલ્લેખિત રજા/સ્વૈચ્છિક નિવૃતિ જેવા કેસોમાં ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨નો આધાર લઇને નિર્ણય કરવામાં આવેલ હોય તો તેનુ પૂર્વ દ્રષ્ટાંતની વિગતો.

નોંધ પર મંજૂર સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી ( માધ્ય) ના આદેશ અન્વયે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
મહેસાણા
18 AUG 2020

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર